**GJCU070001622026**

# મે.બોડેલીના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,

# મુ. બોડેલી

<table>
<tr><td colspan="2">ફોજદારી પરચુરણ અરજી નં.૧૧૫/૨૦૨૬<br>બોડેલી પો.સ્ટે.સી પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૪૦૦૧૨૫૧૫૯૨/૨૦૨૫<br>પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી) મુજબ</td></tr>
<tr><td colspan="2">ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે<br>મુદ્દામાલ પરત મેળવવાની આંક–૦૧ ની અરજી તળે હુકમ</td></tr>
<tr><td colspan="2">અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ. એમ. લાલા<br>સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી બી. એ. વસાવા</td></tr>
<tr><td>અરજદાર</td><td>વિન્યાભાઈ નારજીભાઈ ડુ. ભીલ, ઉ.વ.૨૨, ધંધો–ખેતી,<br>રહે.ટેકરા ફળીયુ, હરખોડ, દુગ્ધા, તા. નસવાડી,<br>જી. છોટાઉદેપુર</td></tr>
<tr><td>મુદ્દામાલની વિગત</td><td>OPPO કંપનીનો F25 PRO મોબાઈલ</td></tr>
</table>

## ::: હુ ક મ :::

૧. હાલના કામના અરજદારે ઉપરોકત ગુનાના કામે પોલીસે કબજે કરેલ **OPPO** કંપનીનો **F25 PRO** મોબાઈલ ને વચગાળાની કસ્ટડી મેળવવા અરજ કરેલ છે. અરજી વંચાણે લીધી તેમજ અરજી ની સાથે રજૂ તમામ દસ્તાવેજો વંચાણે લીધા.

૨. આ કામે અરજદારે કબજે થયેલ **OPPO કંપનીનો F25 PRO** ના બિલની નકલ તેમજ પોતાનું આધાર કાર્ડ, તેમજ એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે. સદર રજુ થયેલ દસ્તાવેજો

વંચાણે લેવામાં આવે તો તેમાં ખરીદનાર તરીકે હાલના અરજદારનું નામ–સરનામું દર્શાવેલ છે. સદરહું મુદ્દામાલ અરજી સંદર્ભે પોલીસ અભિપ્રાય મંગાવેલ જે રજુ થયેલ છે, તે વંચાણે લીધેલ છે. આ કામે અરજદાર તર્ફે રજુ થયેલ મુદ્દામાલના બિલો તેમજ હાલની ગુનાની ફરિયાદ વંચાણે લેતાં તેમાં જણાવેલ મોબાઈલ અરજદારની અરજીમાં જણાવેલ મુદ્દામાલની વિગતો સાથે મળતા આવે છે. અરજદારે પોતાની ઓળખના પુરાવા પણ રજૂ કરેલ છે. આમ, મુદ્દામાલની માલિકી સંદર્ભે રજુ થયેલ તમામ પુરાવો લક્ષમા લેતાં સદરહું મુદ્દામાલના માલિક અને તેનો કબ્જો મેળવવા શ્રેષ્ઠ હકકદાર વ્યકિત હાલના અરજદાર હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

૩– વધુમાં આ કામે પોલીસ અભિપ્રાય રજુ થયેલ છે, તે વંચાણે લેતાં તપાસના કામે મુદ્દામાલની કોઈ આવશ્યકતા જણાતી નથી.

૪– મુદ્દામાલ અરજીના સંદર્ભમાં વિચારતા મુદ્દામાલ મોબાઈલ પોલીસ સ્ટેશનમાં બીનઉપયોગી હાલતમાં પડી રહે તો તેમા ખામીઓ સર્જાવવાની સંભાવના રહેલી છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનાં **<u>સુંદરભાઈ અંબાલાલ દેસાઈ–વિ.–ગુજરાત રાજ્ય, એ.આઈ.આર. ૨૦૦૩, એસ.સી. ,૬૩૮</u>** નાં કેસમાં નિર્ણિત થયેલ ચુકાદાને લક્ષમાં લેવામાં આવે તો તેમાં ઠરાવ્યા પ્રમાણે મુદ્દામાલ મોબાઈલ લાંબો સમય બીનઉપયોગી હાલતમાં પડી રહેવાથી નુકશાન થાય તેમ હોય તો મુદ્દામાલ ને કેસ પૂરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશને કે અદાલતમાં અનામત રાખવાનો કોઈ અર્થ રહેતો નથી અને યોગ્ય શરતોને આધિન મુદ્દામાલ કબ્જેદાર માલિકને પરત કરવો જોઈએ.

૫– ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં સદરહુ મુદ્દામાલ **OPPO કંપનીનો F25 PRO** અરજદારને વ્યાજબી રકમના જામીન તથા જરૂરી શરતોને આધિન કામચલાઉ ધોરણે પરત કરવાનું યોગ્ય જણાતું હોઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –::: હુ ક મ :::–

**૧.** અરજદારની હાલની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

**૨.** ઉપરોકત ગુન્હાના કામે કબ્જે લેવામાં આવેલ ઉપરોકત વિગતોવાળું મોબાઈલ અરજદાર

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદામાલની કિંમત કરતાં દોઢી રકમનાં જાતમુચરકા તેમજ તેટલી જ રકમના જામીન સંબંધીત પોલીસ સ્ટેશને રજૂ કર્યેથી કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી નીચે જણાવેલ શરતોને આધિન અરજદારને વચગાળાની કસ્ટડીથી સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>**

(૧) અરજદારે સદરહુ મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈને કોઈપણ રીતે હસ્તાંતરણ, વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવું/કરાવવું નહિ.

(૨) અરજદારે મુદ્દામાલ અદાલત અગર તો તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે ફરમાવે ત્યાં અને ત્યારે રજૂ કરવાનું રહેશે.

(૩) અરજદારે મુદ્દામાલના રંગ કે ઓળખમાં કોઈપણ જાતના ફેરફાર કરવા કે કરાવવા નહિ.

(૪) અરજદારે સદરહુ મુદ્દામાલનો કોઈપણ ગુન્હાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ ન થાય તેની પુરતી તકેદારી રાખવી.

**3.** સદરહુ હુકમની એક નકલ સંબંધીત પોલીસ સ્ટેશનને હુકમની જાણ તથા અમલ અર્થે મોકલી આપવી.

હુકમ આજરોજ તારીખ ૧૦ મી, માહે જુન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૧૦–૦૬–૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**જ્યુડીશીયલ મેજિ.ફર્સ્ટ કલાસ,**
**બોડેલી**
**JUDGE CODE NO.GJ01463**

//ASPAK GOHIL//